# એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષીસ (ટેકનીકલ )

એલ.ડી કોલેજ ઓફ એન્જિનિયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ -૩૮૦ ૦૧૫

## ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમો ચલાવતી સરકારી, અનુદાનિત ઈજનેરી સંસ્થા તથા IITRAM અને MSU(SFI) ખાતે ખાલી રહેલી બેઠકો પર ઓન લાઈન પ્રવેશ બાબતે (પ્રવેશ વર્ષ- ૨૦૨૬-૨૭)

પ્રવેશ વર્ષ ૨૦૨૬-૨૭ માં પ્રથમ વર્ષ ડિગ્રી ઇજનેરી અભ્યાસક્રમની તા. ૨૮/૦૭/૨૦૨૬ ના રોજ ઓનલાઈન રાઉન્ડ ની પ્રવેશ કાર્યવાહી પૂર્ણ થયેલ છે. ત્યારબાદ ખાલી રહેલી બેઠકો ગુજરાત વ્યવસાયિક ટેકનીકલ કોલેજો/સંસ્થાઓ (પ્રવેશનિયમન અને ફી ચુકવણી) નિયમ મુજબ "ખાલી બેઠકો" મુજબ ભરવાની થાય છે. જેના અનુસંધાને ટેકનીકલ શિક્ષણ સંચાલયના તાબા હેઠળ ની ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમો ચલાવતી રાજ્યની સરકારી અને અનુદાનિત સંસ્થાઓ તેમજ, IITRAM અને The Maharaja Sayajirao University ની સ્વનિર્ભર બેઠકો ખાતે 'નોન-રિપોટિંગ', તેમજ પ્રવેશ રદ્દને કારણે "ખાલી બેઠકો" નો પ્રવેશ કાર્યક્રમ નીચે મુજબ છે.

જેમાં પ્રથમ વર્ષ ડિગ્રી ઇજનેરી પ્રવેશ વર્ષ-૨૦૨૬ ના મેરીટ સમાવિષ્ટ તમામ ઉમેદવારો ભાગ લઇ શકશે. આ પ્રવેશ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ વેબસાઈટ www.gujacpc.nic.in પર પોતાના લોગીન આઈડી (LOGIN ID) ની મદદથી પ્રવેશ સમિતિ એ નિયત કરેલ સમય મર્યાદામાં ઓનલાઈન સંમતિ (Consent) reshuffling પર ક્લીક કરી ને આપવાની રહેશે તથા વિદ્યાર્થીએ ફક્ત સરકારી સંસ્થાઓ માટે ચોઈસ ફીલિંગ કરવાની રહેશે. વેબસાઈટ ઉપર દર્શાવેલ બેઠકો ઉપરાંત ઉચ્ચ મેરીટ ધરાવતા ઉમેદવારો ને પ્રવેશ મળતા તેમના દ્વારા ખાલી થયેલ આનુસંગિક સરકારી અને અનુદાનીત સંસ્થાઓની બેઠકો પણ ઉપલબ્ધ થવાની શક્યતાઓ છે. આથી ઉમેદવારોને પોતાનો મેરીટ ક્રમાંક અને ઉપલબ્ધ બેઠકોની માહિતી ચકાસી અને ત્યારબાદ "ખાલી બેઠકો" ઓનલાઈન પ્રવેશ માટે ભાગ લેવાની સલાહ આપવામાં આવે છે. અગાઉનો પ્રવેશ રદ્દ થયા બાદ ઉમેદવારોને ફી રીફંડ સરકારશ્રીના પ્રવેશ અંગેના જાહેરનામા ના નિયમ "Cancellation Of Admission And Refund Of Fees" પ્રમાણે થશે.

### પ્રવેશ કાર્યક્રમ

| Sr. No. | Activities | Date |
|---|---|---|
| 1 | Govt/GIA Vacant Seat information | 28.07.2026 |
| 2 | Online Consent and filling or alternation of choices for Government/GIA Iinstitutions, MSU (SFI) and IITRAM (www.gujacpc.nic.in) | 28.07.206 to 30.07.2026 |
| 3 | Allotment of Admission (www.gujacpc.nic.in) | 01.08.2026 (2PM) |
| 4 | **Confirmation of admission by Paying Token Tuition fees** (www.gujacpc.nic.in) | 01.08.2026 to 04.08.2026 |

વધુ માહિતી માટે ઉમેદવારો તથા વાલીઓ ને સમીતી ની વેબસાઈટ www.acpc.gujarat.gov.in અને www.gujacpcnic.in જોવા જણાવવામાં આવે છે.

તા. ૨૭.૦૭.૨૦૨૬ - મેમ્બર સેક્રેટરી

**Help Line Number: 079-26566000**